બાંધકામ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત
## સુરક્ષાનાં ધોરણો



### A. અમલબજાવણી અને અવલોકન

સાઇટ માટેના વિશિષ્ટ COVID-19 અધિકારી (કે જેઓ સ્વાસ્થ્ય અને સુરક્ષા અધિકારી પણ હોઈ શકે છે) તેઓની 1-3 કૌટુંબિક રહેઠાણોમાં બાંધકામ અને રિમોડેલિંગ માટે નીચે જણાવ્યા અનુસારના અપવાદ સિવાય પ્રત્યેક સાઇટ માટે ફાળવણી કરવામાં આવશે

1-3 કૌટુંબિક રહેઠાણોમાં બાંધકામ અને રિમોડેલિંગ માટે નીચે જણાવ્યા અનુસારના અપવાદ સિવાય કૉન્ટ્રાક્ટરના સાઇટ માટેના વિશિષ્ટ પ્રૉજેક્ટ COVID-19 ઑફિસર માલિકના પ્રતિનિધિને રોજિંદો લેખિત અહેવાલ સુપરત કરશે. COVID-19 ઑફિસર પ્રમાણિત કરશે કે કૉન્ટ્રાક્ટર અને બધા સબકૉન્ટ્રાક્ટરો વિભાગ Bથી Dનું સંપૂર્ણ પાલન કરે ("COVID-19 બાંધકામ સુરક્ષા માર્ગદર્શિકા")

મોટા, જટિલ બાંધકામના પ્રૉજેક્ટ્સ માટે શહેર અથવા નગરમાં માલિક સાઇટ માટે વિશિષ્ટ જોખમ વિશ્લેષણ અને સંવર્ધિત COVID-19 સેફ્ટી પ્લાન વિકસાવે અને સુપરત કરે તે વધારાની આવશ્યકતા બની શકે છે, જેમાં પ્રૉજેક્ટ અથવા પ્રૉજેક્ટના પ્રકાર માટેનાં વિશિષ્ટ જોખમોનું સમાધાન કરવાની વધારાની આવશ્યકતાનો સમાવેશ થઈ શકે છે. શહેર અથવા નગર આવા પ્લાનની સમીક્ષા કરશે અને તેને મંજૂર કરશે અને એવું જરૂરી બનાવી શકે છે કે જ્યાં સુધી જોખમનું વિશ્લેષણ અને પ્લાન સુપરત કરવામાં ન આવે અને મંજૂર ન થાય ત્યાં સુધી આવા પ્રૉજેક્ટ્સ બાંધકામને અટકાવે. એક વખત સંવર્ધિત COVID-19 સેફ્ટી પ્લાન મંજૂર થયા બાદ પ્લાનનું ઉલ્લંઘન COVID-19 બાંધકામ સુરક્ષા નિર્દેશોનું ઉલ્લંઘન જ ગણવામાં આવશે.

તમામ હાથ ધરવામાં આવેલ પ્રૉજેક્ટ્સ કે જેનું નિયમન અથવા તેના માટેનું અનુદાન સરકારી એજંસી કે તંત્ર દ્વારા આપવામાં આવતું હોય તે પ્રૉજેક્ટના સાર્વજનિક માલિક અને જ્યાં પ્રૉજેક્ટ આવેલ હોય તે શહેર કે નગર વચ્ચેની સંયુક્ત અમલની જવાબદારી રહેશે. સાર્વજનિક પ્રૉજેક્ટના માલિક એવી સરકારી એજંસી અથવા તંત્રના કર્મચારી કે કૉન્ટ્રાક્ટર દ્વારા સાઇટ પર વારંવારનાં નિરીક્ષણો સહિત અનુપાલન અને અમલની જવાબદારી ધરાવે છે, જેઓ COVID-19 બાંધકામ સુરક્ષા નિર્દેશોથી પરિચિત હોય અને તે નિર્દેશોનો અમલ કરાવવા અને જો ઉલ્લંઘનો થતાં જણાય તો સાઇટ પર કામ બંધ કરવા માટે અધિકૃત હોય. જ્યારે પણ સાઇટ બંધ કરવામાં આવે અથવા COVID-19 બાંધકામ સુરક્ષાના નિર્દેશો અને પરિણામી સુધારાત્મક કાર્ય યોજનાનાં કોઈ ઉલ્લંઘનો થાય ત્યારે પ્રૉજેક્ટના માલિક એ મ્યુનિસિપાલિટીને જાણ કરે તે જરૂરી છે, જ્યાં કામ ચાલી રહ્યું હોય તેમજ વિનંતી કરવા પર COVID-19 ઑફિસરના લેખિત રોજિંદા અહેવાલોની નકલો પૂરી પાડે તે જરૂરી છે. સાર્વજનિક માલિક અમલની મુખ્ય જવાબદારી ધરાવે છે, પરંતુ શહેરો અને નગરો COVID-19 બાંધકામ સુરક્ષા નિર્દેશોનું પાલન ન કરતા હોય એવા સાર્વજનિક પ્રૉજેક્ટ્સ વિરુદ્ધ અમલ અંગેની કાર્યવાહી લેવાની સત્તા જાળવી રાખે છે, જેમાં જ્યાં સુધી સુધારાત્મક કાર્ય યોજના વિકસાવવામાં, મંજૂર કરવામાં અને અમલી બનાવવામાં ન આવે ત્યાં સુધી પ્રૉજેક્ટ બંધ કરવાનો આદેશ આપવાનો પણ સમાવેશ થાય છે

શહેરો અને નગરો પોતાના સાર્વજનિક હેલ્થ સ્ટાફ, બિલ્ડિંગના ઇન્સ્પેક્ટરો અથવા અન્ય કોઈ પણ અધિકારી કે કૉન્ટ્રાક્ટરનો ઉપયોગ કરીને COVID-19 બાંધકામ સુરક્ષાના નિર્દેશોનો અમલ કરવાની સત્તા ધરાવે છે

જો એકથી વધુ ઉલ્લંઘનો થયેલાં જણાય જેમાં માલિક અને / અથવા કૉન્ટ્રાક્ટર સુધારાત્મક કાર્ય યોજના તૈયાર કરવામાં, સુપરત કરવામાં અને શહેર કે નગર દ્વારા મંજૂર કરવામાં ન આવે ત્યાં સુધી સાઇટની રક્ષા કરે અને બાંધકામની પ્રવૃત્તિઓ કરે તે જરૂરી બનાવવા સહિત સુરક્ષા અને અંતરના પ્રોટોકૉલ્સનો અમલ કરી શકે છે

શહેર અથવા નગર મોટા, જટિલ ખાનગી પ્રૉજેક્ટના માલિકને સ્વતંત્ર, ત્રાહિત પક્ષના નિરીક્ષક કે નિરીક્ષક પેઢીને ચૂકવણી કરવી જરૂરી બનાવી શકે છે (અથવા આવાં નિરીક્ષણો માટે ચૂકવણી કરવા માટે આંશિક ચૂકવણીઓ કરવાનું કહી શકે છે). ત્રાહિત પક્ષના નિરીક્ષક સંપૂર્ણપણે શહેર અથવા નગર પ્રત્યે જવાબદાર રહેશે અને શહેર અથવા નગરના તરફથી અમલ માટે જવાબદાર રહેશે. શહેર અથવા નગર એ બાબત જરૂરી બનાવી શકે છે કે જ્યાં સુધી ત્રાહિત પક્ષના નિરીક્ષકને સુરક્ષિત કરવામાં ન આવે ત્યાં સુધી ખાનગી પ્રૉજેક્ટ્સ બાંધકામને અટકાવે

---



### B. કર્મચારીના સ્વાસ્થ્યનું રક્ષણ

કામ પર રિપોર્ટિંગ કરતા બિમાર કામદારો માટે શૂન્ય સહનશીલતા. જો તમે બિમાર હો તો ઘરે રહો! જો તમને બિમારી જેવું લાગે તો ઘરે જાઓ! જો તમે કોઈ બિમારને જુઓ તો તેને ઘરે મોકલો!

જો તમને નીચેનામાંથી કોઈ પણ લક્ષણો જણાઈ રહ્યાં હોય તો તમે આ અંગે તાકીદે તમારા નિરીક્ષકને (ફોનથી, ટૅક્સ્ટ કે ઇમેલથી) જાણ કરશો અને નોકરીના સ્થળેથી ઘરે જશો અથવા જો ઘરે હો તો ઘરે જ રહેશો.

જો તમે કોઈ સાથી કર્મચારીમાં ચિહ્નો જુઓ અથવા તેમને આવાં ચિહ્નો વિશે ફરિયાદ કરતા જુઓ તો તેઓને તેમના નિરીક્ષક પાસે મોકલવા જોઈએ (ફોનથી, ટૅક્સ્ટ કે ઇમેલથી) અને પ્રૉજેક્ટ સાઇટ તરત છોડી જવાનું કહેવું જોઈએ.

COVID-19નાં વિશિષ્ટ લક્ષણોમાં તાવ, ખાંસી, શ્વાસ ચડવો અને ગળાના સોજાનો સમાવેશ થાય છે

**શિફ્ટ પૂર્વે સ્વ-પ્રમાણિત થવું**

કોઈ શિફ્ટ શરૂ કરતાં પહેલાં પ્રત્યેક કર્મચારી પોતાના નિરીક્ષક સમક્ષ સ્વ-પ્રમાણિત કરશે કે પોતે:

•છેલ્લા 24 કલાકમાં તાવ કે 100.3 ડિગ્રી કે તેથી વધારે મપાયેલે તાપમાન, ખાંસી અથવા શ્વાસની તકલીફ જેવાં ચિહ્નો ધરાવતા નથી

•COVID-19નું નિદાન થયેલ વ્યક્તિ સાથે "ઘનિષ્ઠ સંપર્ક"માં આવ્યા નથી. "ઘનિષ્ઠ સંપર્ક"નો અર્થ છે એવા ઘરમાં રહેવું જ્યાં COVID-19 માટે પૉઝિટિવ આવેલી વ્યક્તિ રહેતી હોય, એવી વ્યક્તિની દેખભાળ કરવી જેનો COVID-19 ટેસ્ટ પૉઝિટિવ આવ્યો હોય, જેમનો COVID-19 પૉઝિટિવ આવ્યાને માત્ર 15 મિનિટ થઈ હોય એવી વ્યક્તિથી 6 ફીટના અંતરે હાજર હોવું, અથવા COVID-19નો જેમનો ટેસ્ટ પૉઝિટિવ આવેલ હોય એવી વ્યક્તિને લક્ષણો જણાયાં હોય તે દરમિયાન એવી વ્યક્તિનાં સ્રાવો (દા.ત., વાસણો શૅઅર કરવાં, તેણે ખાંસી ખાધી હોય) સાથે સીધા સંપર્કમાં આવવું

•પોતાના ડૉક્ટર અથવા સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય અધિકારી દ્વારા સ્વ-એકાંતવાસ અથવા ક્વૉરન્ટીન માટે કહેવામાં આવ્યું ન હોય

લક્ષણો દર્શાવી રહેલા અથવા જાતે પ્રમાણિત ન કરી શકે એવા કર્મચારીઓને કાર્યસ્થળ છોડવાનું અને તેમના સ્વાસ્થ્યસંભાળ પ્રદાતા દ્વારા લાગુ પડતા પરીક્ષણ કરાવવા માટે સૂચના આપવી જોઈએ. તબીબી પ્રૉફેશનલ દ્વારા લીલી ઝંડી આપવામાં ન આવે ત્યાં સુધી તેઓ કાર્યસ્થળ પર પરત ફરી શકશે નહિ

બાંધકામ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો



**B. કર્મચારીના સ્વાસ્થ્યનું રક્ષણ**

**વાઇરસનો સંસર્ગ ટાળવા અને પ્રસારણ મર્યાદિત કરવા માટે નોકરી પરના સામાન્ય નિર્દેશો**

•હાથ મિલાવવા નહિ

•ઓછામાં ઓછી 20 સેકંડ માટે સાબુથી હાથ અવારનવાર ધુઓ અથવા ઓછામાં ઓછા 60% ઇથેનૉલ અથવા 70% આઇસોપ્રોપેનૉલ ધરાવતા આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરો

•અધિકૃત કર્મચારી સિવાય તમામ લોકો માટે કૉન્ટ્રાક્ટર અને સરકારી એજંસીની ફિલ્ડ ઑફિસો બંધ રાખવામાં આવે

•પ્રત્યેક જૉબ સાઇટ પર સફાઈ અને પ્રદૂષણ દૂર કરવાની કાર્યપ્રણાલીઓ વિકસાવવી જોઈએ, જે પોસ્ટ કરવામાં અને શેઅર કરવામાં આવવી જોઈએ. આ કાર્યપ્રણાલીઓમાં ટ્રેલરો, દરવાજાઓ, ઉપકરણ, વાહનો વગેરે સહિતના બધા વિસ્તારોનો સમાવેશ થવો જોઈએ અને સાઇટો પરની બધી ઍન્ટ્રી પૉઇન્ટ્સ તેમજ સમગ્ર પ્રૉજેક્ટ સાઇટ પર પોસ્ટ કરવી જોઈએ

•"એકત્ર થવું નહિ" એવી નીતિ પર અમલ કરવો. વ્યક્તિઓએ એકબીજાથી 6 ફૂટનું લઘુત્તમ અંતર જાળવીને સામાજિક અંતરનો અમલ કરવાનો રહેશે

•રૂબરૂ બેઠકો કરવાનું ટાળો. જેમાં રૂબરૂ ચર્ચા કરવી જરૂરી હોય એવી ગંભીર પરિસ્થિતિમાં સામાજિક અંતરનો અમલ કરવાનો રહેશે

•શક્ય હોય તો બધી બેઠકો કૉન્ફરન્સ કૉલ્સ દ્વારા કરો. 10થી વધુ લોકોની બેઠકો બોલાવશો નહિ. પ્રૉજેક્ટ અંગેની ચર્ચા માટે સેલ ફોન, ટૅક્સ્ટિંગ, વેબ મીટિંગ સાઇટ્સ અને કૉન્ફરન્સ કૉલ્સના ઉપયોગની ભલામણ કરો

•તમામ વ્યક્તિગત વર્ક ક્રૂ મીટિંગો / ટેલગેટ ટૉક્સ બહાર યોજવી જોઈએ અને સામાજિક અંતરનું પાલન કરવું જોઈએ

•કૃપા કરીને બધા ક્રૂને તમામ સમયે 6 ફૂટના અંતરે રાખો, જેથી પ્રતિસંક્રમણની સંભાવના દૂર કરી શકાય

•પ્રત્યેક જૉબ બ્રીફિંગ / ટૂલ બૉક્સ ટૉક વખતે કર્મચારીઓને પૂછવામાં આવે કે તેઓ કોઈ લક્ષણો અનુભવી રહ્યાં છે કે કેમ અને જો તેમ હોય તો તેમને ઘરે મોકલવામાં આવે

•પ્રત્યેક જૉબસાઇટ પર COVID-19ના સુરક્ષા નિર્દેશો અને હાથ ધોવાની સૂચનાઓ લૅમિનેટ કરાવીને રાખવી જોઈએ

•તમામ રેસ્ટરૂમની સુવિધાઓ / પૉર્ટા-પૉટ્ટીઝ સાફ કરવાનાં રહેશે અને હેન્ડવૉશિંગ સ્ટેશનોને સાબુ, હેન્ડ સૅનિટાઇઝર અને પેપર ટોવેલ પૂરાં પાડવાનાં રહેશે

•સપાટીઓ, બારણાનાં હૅન્ડલો, લૅપટૉપ વગેરે સહિત બધી સપાટીઓ નિયમિતપણે સાફ કરવી જોઈએ.

•તમામ સામાન્ય વિસ્તારો અને બેઠક વિસ્તારોને દિવસમાં ઓછામાં ઓછો એક વખત પરંતુ બની શકે તો દિવસમાં બે વખત નિયમિતપણે સ્વચ્છ અને જંતુમુક્ત કરવાના રહેશે

•તમારી પોતાની પાણીની બોટલનો ઉપયોગ કરો અને બીજાને આપશો નહિ

•બાહ્ય પ્રદૂષણ ટાળવા માટે અમે દરેક વ્યક્તિને ઘરેથી ભોજન લાવવાની ભલામણ કરીએ છીએ

•કૃપા કરીને વિરામ અને ભોજન દરમિયાન સામાજિક અંતરના અલગાવને જાળવો

•ખાંસી અથવા છીંક ખાતી વખતે ટિશ્યૂ આડો રાખો, ત્યારબાદ ટિશ્યૂ કચરાપેટીમાં ફેંકી દો અને હાથ ધુઓ. જો ટિશ્યૂ ન હોય તો તમારી કોણી આડી રાખીને ખાંસી ખાઓ

•તમારા હાથ વડે આંખો, નાક અને મોંને અડવાનું ટાળો

•જંતુઓ એકબીજાને લાગે નહિ તે માટે તમે જાતે પોતાને સ્વચ્છ રાખો તમારી વ્યક્તિગત વસ્તુઓ ખસેડવા, પૅકિંગમાંથી કાઢવા અને પૅક કરવા માટે અન્ય લોકોને જવાબદાર બનાવશો નહિ

•વ્યાવસાયિક પ્રાયોજિત મુસાફરી અંગેના માર્ગદર્શન માટે, કોમનવેલ્થના current out-of-state travel order નો સંદર્ભ લો. નિયોક્તાઓને જાહેર આરોગ્ય વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા કોવિડ-19 ના નીચા જોખમ ધરાવતા રાજ્યોની સૂચિ સિવાયના અન્ય સ્થળોએ વ્યવસાય સંબંધિત મુસાફરીને બિનજરૂરી મંજૂરી આપવાનું ભારપૂર્વક ટાળવાની સલાહ આપવામાં આવે છે. નિયોક્તાઓ કે જેઓ તેવા રાજ્યોના પ્રવાસ માટે નિયોક્તા દ્વારા ચુકવણી અથવા રીઇમ્બર્સ દ્વારા મંજૂરી આપે છે તેમણે તેમના કર્મચારીઓ આ હુકમનું પાલન કરે તેની ખાતરી કરવા પગલાં લેવા જોઈએ. નિયોક્તાઓને આ સાથે વિનંતી પણ કરવામાં આવે છે કે તેમના કર્મચારીઓને પોતાના મનોરંજન માટે કોવિડ-19 ના નીચા જોખમ ધરાવતા રાજ્યોની સૂચિમાં સામેલ ન હોય તેવા અન્ય સ્થળોએ મુસાફરી ન કરવા માટે ભારપૂર્વક સૂચિત કરે.

•જો તમને કે તમારા કુટુંબીજનને બિમારી જણાય તો ઘરે રહો!

**વર્ક સાઇટ પર જોખમ નિષેધની રીતભાત**

•પ્રત્યેક શિફ્ટની શરૂઆત વખતે બધા કર્મચારીઓ સાથે પુષ્ટિ કરો કે તેઓ તંદુરસ્ત હોય

•આજથી અમારી 100% મોજાની નીતિ અમલી બનશે. બાંધકામના બધા કારીગરો કટ-રેઝિસ્ટન્ટ ગ્લવ્ઝ અથવા સમકક્ષ વસ્તુ પહેરે તે જરૂરી બનશે

•આંખ માટે રક્ષણ (સેફ્ટી ગોગલ્સ / ફેસ શીલ્ડ્ઝ)નો ઉપયોગ કરવો હિતાવહ છે

•કામકાજની એવી સ્થિતિઓ જ્યાં જરૂરી સામાજિક અંતર મેળવવું અશક્ય હોય ત્યાં બધા પ્રભાવિત કર્મચારીઓને યોગ્ય લાગે તે પ્રમાણે પ્રમાણિત ફેસ માસ્ક, ગ્લવ્ઝ અને આંખને રક્ષણ સહિત PPE પૂરાં પાડવામાં આવશે.

•બધા કર્મચારીઓએ એક માણસ બેઠેલ હોય એવા વાહનમાં વર્ક સાઇટ / પાર્કિંગ વિસ્તારમાં ડ્રાઇવ કરીને જવાનું રહેશે. કૉન્ટ્રાક્ટરો / રાજ્યના સ્ટાફે એક જ વાહનમાં સાથે મુસાફરી કરવી નહિ

•એવા કોઈ મશીન કે વાહનમાં પ્રવેશ કરતી વખતે, જેમાં દાખલ થનાર તમે છેલ્લી વ્યક્તિ છો તેની તમને ખાતરી ન હોય તો ખાતરી કરો કે તમે પ્રવેશ પૂર્વે ડિસઇન્ફેક્ટન્ટ વડે ઇન્ટિરિયર અને બારણાનાં હૅન્ડલો સાફ કરો

•એવા કેસોમાં જ્યાં શક્ય હોય ત્યાં કામદારોએ CDCના નિર્દેશો પ્રમાણે એકબીજાથી 6 ફૂટનું અંતર જાળવી રાખવું જોઈએ

•જ્યાં અનુકૂળ હોય ત્યાં એકથી વધુ વ્યક્તિઓ સાથેની પ્રવૃત્તિઓ મર્યાદિત રહેશે (બે વ્યક્તિઓ ઊંચકતા હોય એવી પ્રવૃત્તિઓ)

બાંધકામ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત
## સુરક્ષાનાં ધોરણો



**B. કર્મચારીના સ્વાસ્થ્યનું રક્ષણ**

- સાઇટ પર મોટા પ્રમાણમાં લોકો એકઠા થતા હોય એવી જગ્યાઓ, જેમ કે શૅક્સ અને બ્રેક એરિયાઝ દૂર કરવામાં આવશે અને તેને બદલે નાના બ્રેક એરિયાઝનો ઉપયોગ થશે, જેમાં સામાજિક અંતરની ખાતરી કરવા માટે બેઠકો મર્યાદિત હશે
- તમારા ઑફિસ ટ્રેલર કે ઑફિસ સ્પેસ માટે સફાઈકર્મીનો સંપર્ક કરો અને ખાતરી કરો કે તેઓ પાસે યોગ્ય COVID-19 સૅનિટેશન પ્રક્રિયા હોય. તેમની સફાઈની મુલાકાતો વધારીને દૈનિક કરો
- જે જગ્યાએ લોકો વારંવાર અડતા હોય એવા વિસ્તારોમાં જંતુઓના ફેલાવાને શક્ય તેટલો ઓછો કરવા માટે દિવસમાં ઓછામાં ઓછી બે વખત વધુ સ્પર્શવાળી બધી સપાટીઓને સાફ કરો. તેમાં ડૅસ્ક, લૅપટૉપ્સ અને વાહનોનો સમાવેશ થાય છે, પરંતુ તે માત્ર તેના પૂરતું જ મર્યાદિત નથી

**વૉશ સ્ટેશનો**

- ઇન્ડોર બાથરૂમના તાત્કાલિક ઍક્સેસ સિવાય બહારની બધી બાંધકામ સાઇટો સાથેના તમામ સાઇટ માટેના વિશિષ્ટ પ્રૉજેક્ટ્સમાં વૉશ સ્ટેશનો ઇન્સ્ટૉલ કરેલા હોવાં જરૂરી છે.
- જો શક્ય હોય તો ગરમ પાણી સાથેનાં હૅન્ડ વૉશ સ્ટેશનો ઇન્સ્ટૉલ કરો અને ફાયર હાઇડ્રન્ટ્સ તથા પાણીના અન્ય સ્રોતો કે જેમનો તમામ સાઇટ પરના કર્મચારીઓ દ્વારા હાથ ધોવા માટે અવારનવાર ઉપયોગ થવાનો હોય ત્યાં સાબુ રાખો
- બધા ઑનસાઇટ કામદારો સ્ટેશનોને જાળવવા અને સ્વચ્છ રાખવા માટે સહાયતા કરે તે જરૂરી છે
- જો કોઈ કામદાર જુએ કે સાબુ અથવા ટુવાલ ખલાસ થવાની તૈયારીમાં છે તો તાત્કાલિકપણે નિરીક્ષકોને જાણ કરો
- ટિશ્યૂ / ટુવાલના નિકાલ માટે ગાર્બેજનાં બૅરલ હૅન્ડ વૉશની પાસે મૂકવામાં આવશે

આ પગલાંઓ લઈને તમારા સારા સ્વાસ્થ્યને જાળવવા માટે તમે કરી શકો તે બધું જ કરો: પૂરતી ઊંઘ લેવી; સંતુલિત, સ્વાસ્થ્યપ્રદ આહાર લેવો, આલ્કોહૉલ ટાળવો; અને પુષ્કળ ખોરાક લેવો

કૃપા કરીને નોંધ લેશો: આ દસ્તાવેજનો આશય હાલમાં સામાન્ય કૉન્ટ્રાક્ટર સાથે અમલી એવી કોઈ ઔપચારિક કાર્યપ્રણાલીઓનું સ્થાન લેવાનો નથી

જ્યાં આ નિર્દેશો સામાન્ય કૉન્ટ્રાક્ટર દ્વારા રજૂ કરવામાં આવેલાં ધોરણોને પૂર્ણ ન કરે અથવા તેનાથી આગળ વધી ન શકે ત્યાં દરેક વ્યક્તિએ ત્યાં ઉપલબ્ધ સૌથી સખ્ત કાર્યપ્રણાલીનું પાલન કરવાનું રહેશે

સાઇટ માટેના વિશિષ્ટ COVID-19 અધિકારી (કે જેઓ સ્વાસ્થ્ય અને સુરક્ષા અધિકારી પણ હોઈ શકે છે) તેઓની પ્રત્યેક સાઇટ માટે ફાળવણી કરવામાં આવશે

કૉન્ટ્રાક્ટરના સાઇટ માટેના વિશિષ્ટ પ્રૉજેક્ટ COVID-19 ઑફિસર માલિકના પ્રતિનિધિને રોજિંદો લેખિત અહેવાલ સુપરત કરે તે જરૂરી છે. COVID-19 ઑફિસર પ્રમાણિત કરશે કે કૉન્ટ્રાક્ટર અને બધા સબકૉન્ટ્રાક્ટરો આ નિર્દેશોનું પૂરેપૂરું પાલન કરે

આ નિર્દેશોનું પાલન નહિ કરવા અંગે કોઈ સમસ્યા ઉદ્ભવે તો તે કામ પડતું મૂકવા માટેનું કારણ બનશે. કૉન્ટ્રાક્ટર પાલનના અભાવની દરેક સમસ્યાને વિગતે વર્ણવતી સુધારાત્મક કાર્ય યોજના અને સમસ્યા(ઓ)ના સમાધાન માટેનો પ્લાન સુપરત કરે તે જરૂરી બનશે. માલિક દ્વારા પ્લાન મંજૂર કરવામાં ન આવે ત્યાં સુધી કૉન્ટ્રાક્ટરને કામ શરૂ કરવા દેવામાં આવશે નહિ. પાલનના અભાવ અંગેની કોઈ પણ વધારાની સમસ્યાઓ કૉન્ટ્રાક્ટરની પૂર્વલાયકાત અને પ્રમાણીકરણની સ્થિતિ વિરુદ્ધ કાર્યવાહીને આધીન હોઈ શકે છે

**સંસર્ગને મર્યાદિત કરવો**

કામદારોએ COVID-19 વાઇરસના સંસર્ગમાં આવવાનું અને તેના પ્રસારણને મર્યાદિત કરવા માટે કામ પરના સામાન્ય નિર્દેશો તથા કર્મચારી સ્વાસ્થ્ય, રક્ષણ, નિર્દેશો અને નિષેધ માર્ગદર્શિકાનું પાલન કરવું જોઈએ

વધુમાં, કૉન્ટ્રાક્ટરોએ બાંધકામની સાઇટમાં સંસર્ગ મર્યાદિત કરવા માટે કામદારોને શ્રેષ્ઠ રીતભાતો અંગે જાણ કરવી જોઈએ

વિરામ, બપોરના ભોજન અથવા અન્ય કારણોથી બાંધકામની સાઇટ છોડીને જતી વખતે કામદારો ઓછામાં ઓછી 20 સેકંડ માટે સાબુથી હાથ ધુએ તે જરૂરી છે અથવા સાઇટ છોડતાં પહેલાં ઓછામાં ઓછા 60% ઇથેનૉલ અથવા 70% આઇસોપ્રોપેનૉલ સાથેના આલ્કોહૉલ આધારિત હૅન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરે અને સામાજિક અંતર ફરજિયાતપણે જાળવે તથા બાંધકામની સાઇટ સિવાયનાં અન્ય સ્થળો પર પ્રવાસ કરતા હોય તો ફેસ કવરિંગ પહેરે તે જરૂરી છે. અવારનવાર હાથ ધોવા અને આલ્કોહૉલ આધારિત હૅન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરવાને પ્રોત્સાહન આપવું જોઈએ અને હાથ ધોવાની સુવિધાઓ અને/અથવા આલ્કોહૉલ આધારિત હૅન્ડ સૅનિટાઇઝર્સ કામની સાઇટો પર તાત્કાલિકપણે ઉપલબ્ધ કરાવવાં જોઈએ



**C. 1-3 કૌટુંબિક રહેઠાણોમાં બાંધકામ અને રિમોડેલિંગ**

1-3 કૌટુંબિક નિવાસી બાંધકામોમાં બાંધકામ અને રિમોડેલિંગના કાર્ય માતે વિભાગ Bમાં નીચે પ્રમાણે ફેરફારો કરવામાં આવશે:

•કોઈ પણ આપેલા સમયે સાઇટ પર 5 કે તેથી ઓછા કામદારો હોય તો દરેક સાઇટ માટે કૉન્ટ્રાક્ટર જે તે સાઇટ માટેના વિશિષ્ટ COVID-19 ઑફિસર (કે જેઓ સ્વાસ્થ્ય અને સુરક્ષા અધિકારી પણ હોઈ શકે છે)ની ફાળવણી કરે તે જરૂરી નથી. તેને બદલે, કૉન્ટ્રાક્ટર આપેલ શહેર કે નગરમાં આવી બધી નાની સાઇટો માટે COVID-19 ઑફિસર ફાળવી શકે છે, જેઓ પ્રત્યેક સાઇટ સાથે રોજિંદા સંપર્કમાં રહેશે, જેથી ખાતરી કરી શકાય કે કૉન્ટ્રાક્ટર અને બધા સબકૉન્ટ્રાક્ટરો આ સુરક્ષા નિર્દેશોનું પૂરું પાલન કરે. આ COVID-19 સેફ્ટી ઑફિસર દરેક શહેર અથવા નગરમાં બધી નાની સાઇટોને આવરી લેતો એક લેખિત રોજિંદો રિપોર્ટ તૈયાર કરશે અને તે અહેવાલની એક નકલ મ્યુનિસિપલ અધિકારી અને/અથવા રહેઠાણના માલિકને વિનંતી કરવા પર ઉપલબ્ધ કરાવશે

•જો પ્રૉજેક્ટ રેસ્ટરૂમની સુવિધાઓ / પૉર્ટા-પૉટીઝ ધરાવતો હોય તો તે સ્વચ્છ કરવાનાં રહેશે અને હૅન્ડવૉશિંગ સ્ટેશનોને સાબુ, હૅન્ડ સૅનિટાઇઝર અને પેપર ટુવાલ પૂરાં પાડવાનાં રહેશે. ઇન્ડોર બાથરૂમની તાત્કાલિક પહોંચ વિનાની બહારની બાંધકામ સાઇટો માટે કૉન્ટ્રાક્ટરો શક્ય હોય તો ગરમ પાણી સાથેનાં વૉશ સ્ટેશનો ઇન્સ્ટૉલ કરે અને ફાયર હાઇડ્રન્ટ્સ કે અન્ય પાણીના સ્રોતો પર સાબુ રાખે તે જરૂરી છે, જેમનો ઉપયોગ સાઇટ પરના બધા કર્મચારીઓ માટે વારંવાર હાથ ધોવા માટે કરશે અથવા દરેક કર્મચારી અને સબકૉન્ટ્રાક્ટર વારંવાર હાથ ધોઈ શકે તે માટે હૅન્ડ સૅનિટાઇઝર પૂરતી માત્રામાં આપવાનું રહેશે

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો

### D. કામદારને ચેપને લગતો પ્રોટોકૉલ

ઉપર જણાવ્યા પ્રમાણે, કામ પર રિપોર્ટિંગ કરતા બિમાર કામદારો માટે શૂન્ય સહનશીલતા છે. કર્મચારીઓને સૂચના આપવી જોઈએ કે જેઓને શ્વસન સંબંધિત ચેપ (ખાંસી, શ્વાસ ચડવો, ગળામાં સોજો)નાં જેવાં હળવાં લક્ષણો કે તાવ હોય તેઓએ કામથી દૂર રહેવું જોઈએ. કોઈ કામદારનો COVID-19 ટેસ્ટ પૉઝિટિવ આવ્યો હોય અથવા તેમને COVID-19 સાથે સંબંધિત લક્ષણો હોય તેવી સ્થિતિમાં જૉબ સાઇટ પર ચેપોને મર્યાદિત કરવા માટે કૉન્ટ્રાક્ટરોએ તાત્કાલિક પગલાં લેવાનાં રહેશે.

કૉન્ટ્રાક્ટરો નિર્દેશો અનુસાર સામાજિક અંતરના નિયમો અને PPEના ઉપયોગ સહિત વર્ક સાઇટ પર જોખમના નિષેધની રીતભાતોનો અમલ કરી રહ્યા છે તેવું માનવામાં આવે છે, પરંતુ એવો પણ સ્વીકાર કરવામાં આવે છે કે ક્યારેક એવા પ્રસંગો થઈ શકે છે, જેમાં COVID-19 માટે જેનો ટેસ્ટ પૉઝિટિવ આવેલ હોય અથવા જેને COVID-19નાં લક્ષણો હોય એવી વ્યક્તિ કામના વિસ્તારમાં હાજર હોય

સંભવિતપણે ચેપી વ્યક્તિઓની ઝડપથી ઓળખ કરવી અને તેઓને એકાંતવાસમાં મૂકવા એ વર્કસાઇટ પર કામદારો, વિક્રેતાઓ, મુલાકાતીઓ અને અન્યોનું રક્ષણ કરવા માટેનું એક અગત્યનું પગલું છે.

**સંસર્ગની ઓળખ**

કૉન્ટ્રાક્ટરોએ COVID-19 સંબંધિત લક્ષણો ધરાવતા કામદારોને તાત્કાલિકપણે જૉબસાઇટ છોડવાનો અને પોતાના સ્વાસ્થ્યસંભાળ પ્રદાતાનો સંપર્ક કરવાનો આદેશ આપવાનો રહેશે. મેસાચુસેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ (DPH) અથવા સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ એવા લોકોને યોગ્ય અધિસૂચનાઓ જારી કરશે, જેઓ COVID-19 પૉઝિટિવ કામદારો સાથે લાંબો સમય સીધા સંપર્કમાં આવ્યા હોય

નીચેના સહિત જૉબ સાઇટ પર કોઈપણ સંભવિત સંસર્ગને ઓળખવા માટે કૉન્ટ્રાક્ટર સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ સાથે કામ કરશે:

•વર્કસાઇટ પર વ્યક્તિ સાથે ઘનિષ્ઠ સંપર્કમાં આવેલા અન્ય કામદારો, વિક્રેતાઓ, નિરીક્ષકો અથવા મુલાકાતીઓ

•વર્ક એરિયા જેમ કે સપ્લાય કેબિનેટ્સ અને નિર્દિષ્ટ વર્કસ્ટેશનો અથવા રૂમો

•વર્ક ટૂલ્સ અને ઉપકરણ

•કૉમન વિસ્તારો, જેમ કે બ્રેક રૂમ અને ટેબલો, વૅન્ડિંગ મશીનો અને સૅનિટરી સુવિધાઓ

**અધિસૂચના અને ક્વૉરન્ટીનની આવશ્યકતાઓ**

કાયદાની જોગવાઈ પ્રમાણે કામદારની ઓળખ ગોપનીય રાખવાની રહેશે

ચેપ અંગે જાણ થયા બાદ કૉન્ટ્રાક્ટર નિર્દિષ્ટ COVID-19 સેફ્ટી ઑફિસર, સાઇટ સેફ્ટી ઑફિસર અને માલિકને તાત્કાલિકપણે જાણ કરે તે જરૂરી બનશે

**સૅનિટેશનની આવશ્યકતાઓ**

COVID-19 સાથે સંબંધિત લક્ષણો ધરાવતા કામદારને જૉબ સાઇટ છોડીને જવાનું કહેવામાં આવ્યા બાદ કૉન્ટ્રાક્ટરે કૉમન વિસ્તારો અને પ્રત્યક્ષ વર્ક એરિયાઝને સૅનિટાઇઝ કરવા માટે તાત્કાલિકપણે પગલાં લેવાનાં રહેશે. આમાં તમામ ઑન-સાઇટ બાથરૂમ સુવિધાઓ, કોઈ પણ બ્રેક ફૅસિલિટીઝ અને જૉબ સાઇટ પરના એવા અન્ય કોઈ પણ કૉમન એરિયાઝ કે જે ચેપગ્રસ્ત કામદારના ઘનિષ્ઠ સંપર્કમાં હોય તેનો સમાવેશ થાય છે

સૅનિટેશન COVID-19 સૅનિટાઇઝેશન માટે મંજૂર કરાયેલ કર્મચારી, ઉપકરણ અને સામગ્રી સાથે કરવામાં આવશે

જ્યાં સુધી સૅનિટેશન પ્રક્રિયા પૂરી ન થાય અને વિસ્તાર ઉપયોગ માટે સુરક્ષિત હોવાનું નિર્ધારિત થાય નહિ ત્યાં સુધી ઓળખવામાં આવેલા વિસ્તારો કામદારોથી અલિપ્ત રહેશે

**કામ પર પરત ફરવું**

બધા પ્રભાવિત કામદારોએ કામ પર પરત ફરવા વિશે CDC અને DPH દ્વારા સૂચવવામાં આવેલાં પગલાંઓનું પાલન કરે તેત જરૂરી છે. સાર્વજનિક સ્વાસ્થ્ય તંત્રો દ્વારા COVID-19 કેસના ઘનિષ્ઠ સંપર્કમાં હોવાનું માનવામાં આવે એવા કામદારોએ 14 દિવસો માટે પરત ફરવું ન જોઈએ અને તેઓ સાર્વજનિક સ્વાસ્થ્ય દ્વારા ક્વૉરન્ટીનને આધીન છે.

COVID-19નાં લક્ષણોને કારણે કામના દિવસ દરમિયાન જેઓ કામ છોડીને જાય અને સ્વાસ્થ્યસંભાળ પ્રદાતા દ્વારા પ્રયોગશાળાકીય પરીક્ષણ અથવા નિદાનથી થયેલી પુષ્ટિ પ્રમાણે COVID-19 થાય એવા કામદારો સ્વાસ્થ્યસંભાળ પ્રદાતા અથવા સાર્વજનિક સ્વાસ્થ્ય અધિકારી દ્વારા એકાંતવાસમાંથી મુક્ત કરવામાં ન આવે ત્યાં સુધી સાઇટ પર પરત ફરી શકશે નહિ

**બધા કેસોમાં**

•કાયદા દ્વારા જરૂરી હોઈ બધા કર્મચારીઓનાં નામ ગુપ્ત રાખો

•કાર્યસ્થળ સ્વચ્છ કરવામાં આવી રહ્યું હોય તે દરમિયાન અન્ય કર્મચારીઓને ઘરે મોકલવામાં આવી શકે છે, પરંતુ તેઓ સફાઈ કર્યા બાદ કામ પર પરત ફરશે, સિવાય કે સ્વાસ્થ્યસંભાળ પ્રદાતા દ્વારા અન્ય સલાહ આપવામાં આવી હોય

•અન્ય કર્મચારીઓને જો કોઈ પ્રશ્નો હોય તો તેઓને તેમના સ્વાસ્થ્યપ્રદાતાનો સંપર્ક કરવાનું કહેવામાં આવવું જોઈએ

•અન્ય કર્મચારીઓને યોગ્ય સૅનિટેશન પર અમલ કરવાનું અને ફ્લુ જેવાં લક્ષણો પર નજર રાખવાનું યાદ કરાવો